# PSE ( Primary) - 2025

કેટેગરી **A**

કુલ સમય : 120 મિનિટ

કુલ ગુણ : 120

બેઠક નંબર :

| PSE-G | પ્રશ્ન પુસ્તિકા નંબર
QUESTION PAPER NO.
A 171011
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

## પરીક્ષાર્થીઓ માટે સૂચના

**નીચે લખેલી સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો. ત્યારબાદ તમને આપવામાં આવેલ OMR ઉત્તરવહી પર જ જવાબ આપો.**

1. પ્રશ્નપત્રમાં કુલ ૧૨૦ પ્રશ્નો છે. (૧) ભાષા-સામાન્ય જ્ઞાન ૬૦ પ્રશ્નો તથા (૨) ગણિત-વિજ્ઞાન ૬૦ પ્રશ્નો છે. જે તમામ પ્રશ્નો ફરજિયાત છે.
2. રફ વર્ક કરવા માટે આ પ્રશ્નપત્રમાં કોરા પેઈજ આપવામાં આવેલા છે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR SHEET નિરીક્ષકશ્રીને પરત સોંપવાની રહેશે.
4. પ્રશ્નપત્રની પુસ્તિકામાં કોઈપણ પ્રશ્નના જવાબના વિકલ્પ A, B, C, D પૈકી કોઈપણ સામે જવાબની નિશાની કરવી નહી.
5. OMR અને હોલટીકીટની સૂચનાઓ પણ ધ્યાને લેવી.
6. આ પ્રશ્નપત્રની કેટેગરી (A, B, C, D, E) પૈકી જે કેટેગરી પ્રશ્નપત્રની ઉપર ખૂણામાં દર્શાવી છે તે કેટેગરી OMR માં અચૂક દર્શાવવી.



Scanned with OKEN Scanner

(1) રોમન અંકમાં કેટલા અંગ્રેજી મૂળાક્ષરોનો સમાવેશ થાય છે ?

(A) 7 (B) 5 (C) 6 (D) 8

(2) વર્ષ 2023-24 માં એક શાળામાં કુલ 689 વિદ્યાર્થીઓની સંખ્યા હતી. વર્ષ 2024-25 માં એ શાળામાં ધોરણ-1 માં 98 બાળકો પ્રવેશ મેળવે છે અને 100 બાળકો ધોરણ-8 માં અન્ય શાળામાં જાય છે. તો શાળામાં વિદ્યાર્થીઓની વધ થશે કે ઘટ ? કેટલી ?

(A) ઘટ, 2 બાળકો (B) વધ, 2 બાળકો


(C) વધ, 198 બાળકો (D) ઘટ, 198 બાળકો

(3) એક શાકવાળો રૂા. 40 ના કિલો બટાકા વેચે છે. તેણે બુધવારે અને ગુરૂવારે કુલ 22 કિલો બટાકા તથા શુક્રવારે કુલ 35 કિલો બટાકા વેચ્યા. તો તેણે બુધવારથી શુક્રવાર સુધીમાં કુલ કેટલું વેચાણ કર્યું કહેવાય ?

(A) રૂા. 2180 (B) રૂા. 2280

(C) રૂા. 2380 (D) રૂા. 2480

(4) નીચેના અવયવ વૃક્ષમાં a તથા b માટેની યોગ્ય સંખ્યા શોધો.




(A) a = 3, b = 34 (B) a = 2, b = 34

(C) a = 34, b = 2 (D) a = 34, b = 3

(5) આકૃતિને અનુરૂપ યોગ્ય વિકલ્પ પસંદ કરો.



(A) $\frac{1}{5}+\frac{2}{5}=\frac{3}{5}$ (B) $\frac{2}{5}+\frac{1}{5}=\frac{3}{5}$

(C) $\frac{4}{5}+\frac{3}{5}=\frac{7}{5}$ (D) $\frac{4}{5}-\frac{3}{5}=\frac{1}{5}$



Scanned with OKEN Scanner

(6) $800+4+\frac{9}{10}$ નું દશાંશ સ્વરૂપ .................. છે.

(A) 8004.9 (B) 804.9

(C) 80.49 (D) 8004.09

- ધોરણ-6 માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કઈ રમતમાં વધુ રસ ધરાવે છે. તેની માહિતી નીચે આપેલી છે. તેના આધારે પ્રશ્ન ક્રમાક 7 અને 8 ના જવાબ આપો.

| રમત | સંખ્યા |
|---|---|
| ખોખો | 𝍸 III |
| ક્રિકેટ | IIII |
| કબડ્ડી | 𝍸 II |
| લંગડી | 𝍸 |
| ફુટબોલ | III |

(7) ફુટબોલ કરતા ખોખોમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી વધુ છે ?

(A) 5 (B) 4 (C) 3 (D) 6

(8) વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થીઓ છે.

(A) 30 (B) 28 (C) 27 (D) 29

(9)  આપેલ આકૃતિમાં કેટલી સંમિતિ રેખાઓ દોરી શકાય ?

(A) 3 (B) 1 (C) 2 (D) 4

(10) 2.5 નું અપૂર્ણાંક સ્વરૂપ ............... છે.

(A) $\frac{2}{5}$ (B) $\frac{25}{5}$ (C) $\frac{2}{25}$ (D) $\frac{5}{2}$

(11) કઈ સંખ્યાઓ ઉતરતા ક્રમમાં ગોઠવાયેલી છે ?

(A) 1952, 1963, 1974, 1985 (B) 9832, 8032, 9999, 9200

(C) 7092, 6998, 6768, 5986 (D) 2457, 4257, 3357, 3157.



Scanned with OKEN Scanner


(12) નીચેનાંમાંથી શું સાચું નથી ?

(A) ત્રણ એકી સંખ્યાનો સરવાળો એકી સંખ્યા છે.

(B) ત્રણ એકી સંખ્યાનો ગુણાકાર એકી સંખ્યા છે.


(C) બધી અવિભાજ્ય સંખ્યા એકી સંખ્યા છે.

(D) બે બેકી સંખ્યાનો ગુણાકાર હમેશા બેકી સંખ્યા હોય છે.


(13)  આકૃતિમાં દર્શાવેલ ખૂણો કયો છે ?

(A) સરળકોણ (B) પ્રતિબિંબ કોણ

(C) ગુરુકોણ (D) લઘુકોણ

(14)  આ કઈ સંખ્યાનો સમઅપૂર્ણાંક દર્શાવે છે ?

(A) $\frac{1}{5}$ (B) $\frac{1}{4}$ (C) $\frac{1}{3}$ (D) $\frac{1}{2}$

(15) 


(A) 32 સેમી (B) 34 સેમી (C) 20 સેમી (D) 40 સેમી



Scanned with OKEN Scanner

(16) 45 મિનિટ અને 1.5 કલાકનો ગુણોત્તર કેટલો થાય ?

(A) 1 : 2 (B) 3 : 1 (C) 30 : 1 (D) 1 : 3

(17) નીચેની કઈ આકૃતિ દોરવી શક્ય છે ?

(A) કાટકોણ ધરાવતો સમદ્વિબાજુ ત્રિકોણ (B) ગુરુકોણ ધરાવતો સમબાજુ ત્રિકોણ

(C) કાટકોણ ધરાવતો સમબાજુ ત્રિકોણ (D) બે કાટખૂણા ધરાવતો ત્રિકોણ

(18) એક શર્ટ સિવડાવવા માટે 2 મીટર 50 સેમી કાપડ જરૂરી છે. 40 મીટર કાપડમાંથી આવા કેટલા શર્ટ બનશે ?

(A) 16 (B) 20 (C) 40 (D) 250

(19) કઈ સંખ્યા 3 વડે વિભાજ્ય છે ?

(A) 133033 (B) 901153

(C) 23623 (D) 44244

(20) નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?

(A) લંબચોરસનો દરેક ખૂણો કાટખૂણો હોય છે.

(B) સમલંબ ચતુષ્કોણની સામસામેની બાજુઓ સમાંતર હોય છે.

(C) ચોરસના વિકર્ણો એકબીજાને લંબ હોય છે.

(D) લંબચોરસની સામસામેની બાજુઓની લંબાઈ સરખી હોય છે.

(21) 400 મીટર લંબાઈ અને 200 મીટર પહોળાઈ ધરાવતી લંબચોરસ જમીન પર પ્રતિ સો ચોરસ માટે રૂા. 15 પ્રમાણે લાદી પાથરવાનો ખર્ચ કેટલો થાય ?

(A) રૂા. 80,000 (B) રૂા. 1,20,000

(C) રૂા. 1,200 (D) રૂા. 12,000

(22) નીચેનામાંથી કઈ સંખ્યાને 2 અને 5 બંને વડે નિઃશેષ ભાગી શકાય છે ?

(A) 215 (B) 238 (C) 450 (D) 445

(23) નીચેનામાંથી કઈ સંપૂર્ણ સંખ્યા નથી ?

(A) 6 (B) 28 (C) 10 (D) 496



Scanned with OKEN Scanner

(24) 1 કરોડ બરાબર કેટલા હજાર થાય ?

(A) 100 (B) 1000

(C) 10000 (D) 100000

(25) કેલ્ક્યુલેટરમાં 1250 નો 68 સાથેના ગુણાકારને બદલે 86 સાથે ગુણાકાર થઈ ગયો તો તે જવાબ સાચા જવાબ કરતા કેટલા વધારે હશે ?

(A) 22,500 (B) 25,000

(C) 12,500 (D) 20,000

(26) ઘડિયાળનો કાંટો 4 થી શરૂ કરી ઘડિયાળની દિશામા $\frac{3}{4}$ આંટો ફરી ઊભો રહે છે તો ઘડિયાળનો કાંટો ક્યાં ઊભો હશે ?

(A) 4 ઉપર (B) 7 ઉપર (C) 10 ઉપર (D) 1 ઉપર

(27) $\frac{1}{6}$ માં કેટલા ઉમેરીએ તો $\frac{1}{3}$ થાય ?


(A) $\frac{1}{6}$ (B) $\frac{1}{3}$ (C) $\frac{2}{3}$ (D) $\frac{4}{6}$

(28) નિતિનને 1000 રૂપિયાની જરૂર હતી તેને બે બેન્કમાં મૂકેલ રૂપિયામાંથી એક બેન્કમાંથી 238.75 રૂપિયા વ્યાજ આપ્યું અને બીજી બેન્કમાંથી 328.20 રૂપિયા વ્યાજ મળ્યું તો 1000 રૂપિયા કરવા હવે કેટલા રૂપિયા ખૂટશે ?

(A) 433.5 (B) 433.05

(C) 566.95 (D) 433.005

(29) નીચેની આકૃતિની પરિમિતી કેટલી થાય ?





(A) 22 સે.મી. (B) 26 સે.મી.

(C) 20 સે.મી. (D) 24 સે.મી.



Scanned with OKEN Scanner

(30) દિવાસળીની સળીથી નીચેની પેટર્ન બનાવવા કેટલી સળીની જરૂર પડશે ? તેનો નિયમ જણાવો.



(1) (2) (3)

(A) 6n + 1

(B) 5n + 2

(C) 3n + 4

(D) 4n – 1

(31) એક ચિત્રમાં લાલ રંગના 15 ત્રિકોણ, લાલ રંગના 15 વર્તુળ, લીલા રંગના 15 ત્રિકોણ તથા લીલા રંગના 15 વર્તુળનો સમાવેશ થયેલ છે, તો ચિત્રમાં લીલા રંગના ત્રિકોણ અને લાલ રંગની આકૃતિઓનો ગુણોત્તર કેટલો થાય ?

(A) 1 : 2

(B) 1 : 3

(C) 2 : 1

(D) 1 : 4

(32) પ્રતિબિંબકોણ માટે નીચેનામાંથી કઈ બાબત સાચી છે ?

(A) પ્રતિબિંબકોણનું માપ લઘુકોણ કરતાં ઓછું હોય છે.

(B) પ્રતિબિંબકોણનું માપ કાટકોણ કરતાં ઓછું હોય છે.

(C) પ્રતિબિંબકોણનું માપ સરળકોણ કરતાં ઓછું હોય છે.

(D) પ્રતિબિંબકોણનું માપ સરળકોણ કરતાં વધારે હોય છે.

(33) ચતુષ્કોણ માટે નીચેનામાંથી શું સાચું નથી.

(A) દરેક ચોરસ એ સમબાજુ ચતુષ્કોણ છે.

(B) દરેક સમબાજુ ચતુષ્કોણ એ સમાંતરબાજુ ચતુષ્કોણ છે.


(C) દરેક ચોરસ એ લંબચોરસ છે.

(D) દરેક લંબચોરસ એ સમબાજુ ચતુષ્કોણ છે.




Scanned with OKEN Scanner

(34) નીચેની આકૃતિની પરિમિતી કેટલી થશે ?




(A) 16 એકમ
(B) 28 એકમ
(C) 49 એકમ
(D) 30 એકમ

(35) નીચેની આકૃતિની ફલક, ધાર અને શિરોબિંદુઓની અનુક્રમે સંખ્યા માટે કયો વિકલ્પ પસંદ કરશો ?



(A) 12, 6, 8
(B) 6, 12, 8
(C) 6, 15, 11
(D) 6, 8, 12

(36) નીચેની સંખ્યાઓને ચડતાં ક્રમમાં ગોઠવો.

$\frac{3}{5}, \frac{9}{10}, \frac{5}{2}, \frac{7}{5}$

(A) $\frac{3}{5}, \frac{9}{10}, \frac{5}{2}, \frac{7}{5}$
(B) $\frac{9}{10}, \frac{7}{5}, \frac{5}{2}, \frac{3}{5}$
(C) $\frac{3}{5}, \frac{9}{10}, \frac{7}{5}, \frac{5}{2}$
(D) $\frac{3}{5}, \frac{5}{2}, \frac{7}{5}, \frac{9}{10}$



Scanned with OKEN Scanner

(37) એક કિલો બટાકાનો ભાવ રૂા. 20 હોય તો $4\frac{3}{4}$ કિલો બટાકા માટે કેટલા રૂપિયા ચૂકવવા પડે ?

(A) 80 રૂા.

(B) 85 રૂા.

(C) 90 રૂા.

(D) 95 રૂા.

(38) હું એવી અવિભાજ્ય સંખ્યા છું કે મારી કિંમતમાં 2 નો વધારો કે 2 નો ઘટાડો કરો તો પણ હું અવિભાજ્ય જ રહીશ. મારી કિંમત શું હશે ?

(A) 59

(B) 71

(C) 89

(D) 5

(39) નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) દરેક સંખ્યાનો અવયવ તે સંખ્યાનો ભાજક છે.

(B) આપેલ સંખ્યાના અવયવોની સંખ્યા અમર્યાદિત છે.

(C) દરેક સંખ્યા પોતે પોતાનો અવયવ છે.

(D) દરેક અવયવ આપેલી સંખ્યા કરતાં નાનો અથવા તેના બરોબર છે.

(40) આંખો તથા ત્વચાને તંદુરસ્ત રાખવા કયાં વિટામીનની જરૂર પડે છે ?

(A) વિટામીન – A

(B) વિટામીન – K

(C) વિટામીન – B

(D) વિટામીન – C

(41) દરિયાના પાણીમાંથી મીઠું મેળવવા માટે કઈ રીત ઉપયોગમાં લેવાય છે ?

(A) નિક્ષેપણ

(B) બાષ્પીભવન

(C) નિતારણ

(D) ગાળણ

(42) જે વનસ્પતિને મુખ્ય મૂળ ન હોય અને બધાંજ મૂળ સમાન દેખાય તેવા મૂળને શું કહેવાય ?

(A) સોટીમૂળ

(B) પાર્શ્વમૂળ

(C) તંતુમયમૂળ

(D) અગ્રમૂળ



Scanned with OKEN Scanner

(43) આપણું કાંડું ઘણાં નાનાં - નાનાં અસ્થિઓનું બનેલું છે, તેને શું કહેવામાં આવે છે ?

(A) મણિ બંધાસ્થિ (B) મેરૂદંડ

(C) સ્કંધાસ્થિ (D) નિતંબાસ્થિ

(44) હિંચકાની ગતિ એ કયા પ્રકારની ગતિ છે ?

(A) સુરેખ ગતિ (B) વર્તુળાકાર ગતિ

(C) આવર્ત ગતિ (D) ચક્રિય ગતિ

(45) હવામાં નાઇટ્રોજન અને ઑક્સિજન કેટલો ભાગ રોકે છે ?

(A) 98 % (B) 99 %

(C) 97 % (D) 96 %

(46) વનસ્પતિમાં શ્વસન માટે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) વનસ્પતિમાં શ્વસન ફક્ત દિવસ દરમિયાન થાય છે.

(B) વનસ્પતિમાં શ્વસન ફક્ત રાત્રી દરમિયાન થાય છે.

(C) વનસ્પતિમાં શ્વસન દિવસ અને રાત્રી બંને સમયે થાય છે.

(D) જ્યારે વનસ્પતિ પ્રકાશસંશ્લેષણ ન કરતી હોય ત્યારે જ તેમાં શ્વસન થાય છે.

(47) સાદા અરીસામાં મળતા પ્રતિબિંબ માટે શું સાચું નથી ?

(A) પ્રતિબિંબમાં જમણી બાજુ ડાબી અને ડાબી બાજુ જમણી દેખાય છે.

(B) અરીસાથી જેટલે દૂર વસ્તુ હોય એટલે જ દૂર અરીસામાં પ્રતિબિંબ મળે છે.

(C) મળતું પ્રતિબિંબ મૂળ વસ્તુ કરતાં મોટું હોય છે.

(D) મળતું પ્રતિબિંબ ચત્તું હોય છે.

(48) નીચેમાંથી કઈ વનસ્પતિનાં પાંદડા ભાજી તરીકે ખાવામાં આવે છે ?

(A) સોયાબીન (B) મગફળી

(C) રિંગણ (D) સરસવ



Scanned with OKEN Scanner

(49) નીચેમાંથી શાનો સમાવેશ વનસ્પતિજ કે પ્રાણીજ સ્રોત તરીકે થતો નથી ?

(A) દૂધ (B) મધ

(C) મીઠું (D) ભાત

(50) ક્રિપીવના આહારમાં સોયાબીન વાલ, વટાણા, ચણા જેવા વનસ્પતિ જ સ્રોતોનો સમાવેશ થાય છે તો તેને કયું પોષણદ્રવ્ય વધુ પ્રમાણમાં મળશે ?

(A) ચરબી (B) પ્રોટીન

(C) કાર્બોદિત (D) ખનીજક્ષાર

(51) નીચેનામાંથી કોને સિન્થેટિક (સંશ્લેષિત) રેસા કહી શકાય ?

(A) પોલિએસ્ટર (B) કપાસ

(C) રેશમ (D) શણ

(52) કપાસના છોડમાં તેના જીંડવાં એ શું ગણાય ?

(A) પુષ્પ (B) મોર

(C) પ્રકાંડ (D) ફળ

(53) નીચેમાંથી કયું પારભાસક પદાર્થોનું જૂથ કહી શકાય ?

(A) ડહોળું પાણી, દુધિયા રંગનો કાચ (B) લાકડું, પાણી

(C) પાણી, ધુમ્મસ (D) કાચ, પથ્થર

(54) મીનાના વાળ રબ્બર બેંડ વડે બંધાયેલા છે. તો મીના કયા પ્રકારના ફેરફારમાંથી પસાર થઈ ગણાય.

(A) ઊલટાવી ન શકાય તેવો ફેરફાર (B) ઊલટાવી શકાય તેવો ફેરફાર

(C) ધીમો ફેરફાર (D) રાસાયણિક ફેરફાર

(55) ઊંચાઈ અને પ્રકાંડના આધારે નીચેમાંથી શેનો સમાવેશ વનસ્પતિમાં થતો નથી.

(A) ઘાસ (B) છોડ

(C) ક્ષુપ (D) વૃક્ષ



Scanned with OKEN Scanner

(56) કરોડસ્તંભ કેટલી કશેરૂકાઓમાંથી બનેલ છે ?

(A) 24 (B) 33

(C) 25 (D) 35

(57) મોટા ભાગના જળચર પ્રાણીઓ શ્વસન માટે ઑક્સિજન ક્યાંથી મેળવે છે ?

(A) હવામાંથી (B) પાણીમાં ઓગળેલ ઑક્સિજન

(C) શરીરમાં સંગ્રહાયેલો ઑક્સિજન (D) A અને B બંને

(58) દરજીના સિલાઈ મશીનમાં રહેલી સોયની ગતિ કેવી છે ?

(A) વર્તુળાકારગતિ (B) સુરેખગતિ

(C) આવર્તગતિ (D) વક્રગતિ

(59) હાડકાના બંધારણ માટે કયો ખનિજક્ષાર જરૂરી છે ?

(A) આયર્ન (B) કેલ્શિયમ

(C) આયોડિન (D) સોડિયમ

(60) નીચેના પૈકી ખોરાકનો કયો ઘટક શરીરને કોઈ પણ પોષક દ્રવ્ય પ્રદાન કરતાં ન હોવા છતાં પણ તે ભોજનનો આવશ્યક ઘટક છે ?

(A) વિટામિન (B) રૂક્ષાંશ

(C) ખનીજ ક્ષાર (D) ચરબી

(61) કઈ વનસ્પતિનું આયુષ્ય ઘણું લાંબુ હોય છે ?

(A) આંબો (B) વડ

(C) એરંડો (D) જાસૂદ

(62) કયા સાંધા આગળથી અવયવનું હલનચલન બધી દિશામાં થઈ શકે છે ?

(A) ખલ - દસ્તા સાંધો (B) મિજાગરા સાંધો

(C) અચલ સાંધો (D) ઊખળી સાંધો



Scanned with OKEN Scanner

(63) રણ પ્રદેશમાં રહી શકે તે માટે ઊંટના અનુકૂલનો નીચે આપેલા છે. આ પૈકી કયું અનુકૂલન પાણીની અછત સામે પહોંચી વળવા વિશેનું નથી ?

(A) ઊંટ બહુ જ ઓછા મૂત્રનો ત્યાગ કરે છે.

(B) તેને પરસેવો વળતો નથી.

(C) તેનો મળ સૂકો હોય છે.

(D) તેને રેતીની ગરમીથી બચવા લાંબા પગ હોય છે.

(64) નીચેનામાંથી કયું આવર્ત ગતિનું ઉદાહરણ નથી ?

(A) હિંચકાની ગતિ

(B) સિલાઈ મશીનમાં સોયની ગતિ

(C) ઘડિયાળના સેકન્ડ કાંટાની ગતિ

(D) સિતારના તારની ગતિ

(65) પિનહોલ કેમેરાથી રચાતું પ્રતિબિંબ કેવું દેખાય છે ?

(A) વસ્તુ કરતાં મોટું અને ચત્તુ (સીધુ)

(B) વસ્તુ કરતાં નાનું અને ઊંધું

(C) વસ્તુ કરતાં મોટું અને ઊંધુ

(D) વસ્તુ કરતાં નાનું અને ચત્તુ (સીધુ)

(66) કુદરતના જળચક્ર માટે શું ખૂબ મહત્ત્વનું છે ?

(A) હવામાં પાણીની બાષ્પ હોવી

(B) હવામાં કાર્બન ડાયોક્સાઈડ વાયુ હોવો

(C) હવામાં નાઈટ્રોજન વાયુ હોવો

(D) હવામાં ધૂળ અને ધુમાડો હોવો

(67) નીચેનામાંથી ચુંબક માટે શું સાચું નથી ?

(A) ગજિયા ચુંબકને સુરક્ષિત રાખવા ગજિયા ચુંબકના સમાન ધ્રુવો સાથે રહે તેમ જોડીમાં રાખવામાં આવે છે.

(B) ચુંબકને ગરમ કરવામાં આવે તો તેનું ચુંબકત્વ નાશ પામે છે.

(C) ચુંબકને મોબાઈલ, ટેલિવિઝન અને કમ્પ્યૂટરથી દૂર રાખવા જોઈએ.

(D) ચુંબકના વિરુધ્ધ ધ્રુવો વચ્ચે આકર્ષણ થાય છે.



Scanned with OKEN Scanner

(68) ગરમ દૂધ કરેલી તપેલી પર ઢાંકેલી પ્લેટના નીચેના ભાગમાં પાણીનાં ટીપાં જામી જાય છે. આ કઈ ક્રિયાને કારણે બને છે ?

(A) બાષ્પીભવન (B) ઘનીભવન

(C) નિક્ષેપણ (D) નિતારણ

(69) પિન્ટુનાં હાડકાં નાજુક બનીને વળી ગયા છે. તો ડૉક્ટર તેને કેવો ખોરાક ખાવાની સલાહ આપશે ?

(A) વિટામિન D મળી રહે તેવો ખોરાક (B) ચરબીયુક્ત ખોરાક

(C) પ્રોટીનયુક્ત ખોરાક (D) કાર્બોદિત મળી રહે તેવો ખોરાક

(70) નીચેનામાંથી કયું સજીવ છે ?

(A) મોટરકાર (B) મગનું બી

(C) નદીનું પાણી (D) વાદળ

(71) 'પર્વતતારા' કવિતામાં તણખલાંનો તારનાર કોણ છે ?

(A) પર્વત (B) ઈશ્વર

(C) મનુષ્ય (D) દાનવ

(72) 'વાર્તા રે વાર્તા' પાઠમાં પંખીઓનો રાજા કોણ હતો ?

(A) મોર (B) કપૂરી કબૂતરી

(C) કાગડો (D) ગરુડ

(73) નર્મદે કવિતામાં ગુજરાતને કેવી કહી છે ?

(A) ગરવી (B) નરવી

(C) સરવી (D) ગરબી

(74) મેઘાણીએ લોકો પાસેથી સાંભળીને ભેગી કરેલી વાર્તાઓનો સંગ્રહ કયો છે ?

(A) વેણીનાં ફૂલ (B) સૌરાષ્ટ્રની રસધાર

(C) કિલ્લોલ (D) સિંધૂડો



Scanned with OKEN Scanner

(75) દૂર શું ? નજીક શું ? કાવ્યમાં શું વ્યક્ત થાય છે ?

(A) આશાવાદ (B) નિરાશાવાદ

(C) ધર્મવાદ (D) એકેશ્વરવાદ

(76) ધૂળા કાટલાં સિવાય બીજા કોને પોતાનાં સાથી ગણાવે છે ?

(A) તેની પાસે રહેલાં હથિયાર (B) બે હાથ, બે આંખો, બે પગ

(C) લાકડી (D) બંદૂક

(77) અપરાજેય પાઠમાં કોના પરાક્રમની ગાથા વણી લેવામાં આવી છે ?

(A) અર્જુન (B) અભિમન્યુ

(C) શ્રીકૃષ્ણ (D) યુધિષ્ઠિર

(78) 'થોડુંય માન આપીએ તો સામેથી વધુ માન મળે' આ અર્થ માટે નીચે પૈકી કઈ કહેવત બંધબેસતી આવશે.

(A) ડુંગરા દૂરથી રળિયામણા લાગે (B) આપણે વેંત નમીએ તો કોઈ હાથ નમે

(C) એક સાંધો ત્યાં તેર તૂટે (D) ખાડો ખોદે તે પડે

(79) 'અપરાજેય' કૃતિના લેખક નીચે પૈકી કોણ છે ?

(A) ધ્રુવ ભટ્ટ (B) રમણલાલ સોની

(C) રાજેન્દ્ર શાહ (D) ધૂમકેતુ

(80) 'ગીતાજંલિ'માંથી કઈ કૃતિ પસંદ કરવામાં આવી છે ?

(A) દૂર શું ? નજીક શું (B) ઈડરનો વાણિયો

(C) એકલો જાને રે... (D) શેરીએ આવે સાદ

(81) 'કોઈ દેખાડો' કવિતાનો કાવ્ય પ્રકાર કયો છે ?

(A) પ્રાર્થના (B) ઊર્મિગીત

(C) લોકગીત (D) ગઝલ

(82) આપેલ શબ્દોમાંથી અલગ પડતો શબ્દ શોધો.

(A) જનક (B) માતા

(C) જનની (D) માવડી



Scanned with OKEN Scanner

(83) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. 'ઢોલ જેવું વાદ્ય'

(A) ઢોલકી (B) પડઘમ

(C) ઢોલ (D) ઢોલડી

(84) રમેશ અણીવાળી પેન્સિલથી લખે છે. – આ વાક્યમાંથી વિશેષણ ઓળખી લખો.

(A) રમેશ (B) પેન્સિલ

(C) અણીવાળી (D) લખે છે

(85) ભગવાન બુદ્ધે નામને બદલે શાનો મહિમા બતાવ્યો છે ?

(A) ઘમંડનો (B) ચતુરાઈનો

(C) કામનો (D) ધનનો

(86) પદ્મવ્યૂહ ભેદી શકવાની આવડત શ્રીકૃષ્ણ, અર્જુન, અભિમન્યુ સિવાય કોનામાં હતી ?

(A) પ્રદ્યુમ્નમાં (B) યુધિષ્ઠિરમાં

(C) ભીમમાં (D) સાત્યકિમાં

(87) દરેક માટે આપણે શુભ વિચારીએ તો કોઈનું .............. ન થાય. લીટી દોરેલ શબ્દને ધ્યાને રાખી યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) દુ:ખ (B) અશુભ

(C) સારુ (D) અદુ:ખ

(88) મુસાફરીમાં સાથે લીધેલું ખાવાનું - શબ્દસમૂહ માટે એક શબ્દ શોધી લખો.

(A) ટિફિન (B) નાસ્તો

(C) ફૂડ - પેકેટ (D) ભાથું

(89) નીચે આપેલા શબ્દ જોડકામાંથી કયું શબ્દ જોડકું સાચું છે તે શોધી લખો.

(A) યુક્તિ – મુક્તિ (B) અપેક્ષા – ઉપેક્ષા

(C) શારદા – મયૂરવાહિની (D) ઓળખ – ઉપાય



Scanned with OKEN Scanner

(90) સરદાર સરોવર ડેમ કઈ નદી પર બાંધવામાં આવ્યો છે ?

(A) સાબરમતી (B) નર્મદા

(C) સાબર (D) સરસ્વતી

(91) અટલબ્રિજ નીચે પૈકી કયા સ્થળે આવેલો છે ?

(A) સુરત (B) વડોદરા

(C) અમદાવાદ (D) કાંકરિયા

(92) નીચે પૈકી શું વેલા પર થાય છે ?

(A) ફ્લાવર (B) કોબીજ

(C) ટામેટાં (D) દૂધી

(93) તરણેતરનો મેળો કયા જિલ્લામાં ભરાય છે ?

(A) સિદ્ધપુર (B) સુરેન્દ્રનગર

(C) જૂનાગઢ (D) ભાવનગર

(94) હું સૂર્યથી સૌથી નજીકનો ગ્રહ છું ?

(A) બુધ (B) પૃથ્વી

(C) શુક્ર (D) નેપચ્યુન

(95) પૃથ્વી પર મુખ્ય કેટલાં આવરણો આવેલાં છે ?

(A) એક (B) બે

(C) ચાર (D) ત્રણ

(96) કોઈદિન રહેવાને બાગબગીચા એટલે...

(A) બાગબગીચાવાળું ઘર

(B) બાગ કે બગીચાના નામ વાળું ઘર

(C) બાગની વચ્ચે બનાવેલું ઘર

(D) ખૂબ જ વૈભવ ભોગવવા મળે તેવું

(97) જેન્સીને ભણીગણીને શિક્ષિકા બનવાની <u>આકાંક્ષા</u> હતી. લીટી દોરેલ શબ્દનો અર્થ શોધી લખો.

(A) ખૂબ જરૂરી (B) તીવ્ર ઈચ્છા

(C) આવડત (D) કુશળતા



Scanned with OKEN Scanner

(98) અહા આવ્યું વેકેશન. - વાક્યમાં કયું વિરામચિહ્ન આવશે ?

(A) પૂર્ણવિરામ (B) પ્રશ્ન ચિહ્ન

(C) અવતરણ ચિહ્ન (D) ઉદ્ગાર ચિહ્ન

(99) તે ટિકિટ લાવ્યો છે. - વાક્યમાંથી નામપદ ઓળખી લખો.

(A) તે (B) ટિકિટ

(C) લાવ્યો (D) છે.

(100) મારી ગાય મને જોઈને ગેલમાં આવી ગઈ. લીટી દોરેલ રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) આનંદમાં આવી જવું (B) ઘેલા થઈ જવું

(C) ગાંડા થઈ જવું (D) ખૂબ હસ્યા કરવું

(101) રઘુનાથે એમની ડાયરી ખોલી, વાક્યમાંથી ક્રિયાપદ ઓળખી લખો.

(A) રઘુનાથ (B) એમની

(C) ડાયરી (D) ખોલી

(102) વાક્યમાંથી કાળ ઓળખી લખો. ત્યાંનું જમણ મને ફાવી ગયું હતું.

(A) વર્તમાનકાળ (B) ભૂતકાળ

(C) ભવિષ્યકાળ (D) સાદો વર્તમાનકાળ

(103) ભારતનો સાતપૂડા ................ પ્રકારનો પર્વત છે.

(A) ગેડ (B) ખંડ

(C) જ્વાળામુખી (D) અવિશિષ્ટ

(104) એકમથી પૂનમ સુધી ચંદ્રની વધતી કળાને નીચે પૈકી શું કહેવાય ?

(A) અજવાળિયું (B) અંધારિયું

(C) અમાસ (D) વદ પક્ષ

(105) હડપ્પીય સભ્યતાનું એકમાત્ર ત્રણ ભાગમાં વહેચાયેલું નગર કયું છે ?

(A) ધોળાવીરા (B) મોહે-જો-દડો

(C) કાલીબંગન (D) લોથલ

(106) રેખાંકિત શબ્દનો સંજ્ઞાનો પ્રકાર ઓળખી લખો. ગીરના જંગલમાં અમે ખૂબ ફર્યા.

(A) વ્યક્તિવાચક (B) જાતિવાચક

(C) દ્રવ્યવાચક (D) ભાવવાચક



Scanned with OKEN Scanner

(107) પરાગ મેદાનમાં ઝડપથી દોડે છે. વાક્યમાંથી ક્રિયાવિશેષણ ઓળખાવો.

(A) પરાગ
(B) મેદાનમાં
(C) ઝડપથી
(D) દોડે છે.

(108) નીચે આપેલા શબ્દનો સમાનાર્થી શબ્દ આપેલા વિકલ્પમાંથી શોધો.

અંતિમ -

(A) આખરી
(B) મૃત્યુ
(C) નજીક
(D) ઉત્તમ

(109) નીચે આપેલા શબ્દનો વિરોધી શબ્દ શોધી લખો.

અનુજ -

(A) મનુજ
(B) અંબુજ
(C) અગ્રજ
(D) અંગ્રેજ

(110) નીચેના શબ્દોમાંથી સાચી જોડણીવાળો શબ્દ પસંદ કરો.

(A) સૂશોભીત
(B) સુશોભીત
(C) સુશોભિત
(D) શુસોભિત

(111) નીચેના શબ્દોમાંથી સાચી જોડણી ન હોય તેવો શબ્દ શોધી લખો.

(A) પરિણામ
(B) પરિસંવાદ
(C) પરિસ્થિતિ
(D) પરિચીત

(112) ડાંગી સ્ત્રીઓ શામાંથી બનેલાં ઘરેણાં પહેરે છે ?

(A) હીરાના
(B) સોનાના
(C) મોતીના
(D) કથીર કે ચાંદીના

(113) દડો ખૂબ જ ઊંચે હતો. .................... રમેશે કેચ પકડી લીધો.

(A) ત્યારબાદ
(B) તોપણ
(C) નહીંતર
(D) જ્યારે

(114) અલગ પડતો શબ્દ શોધો.

(A) Watermelon
(B) Sugarcane
(C) Janboo
(D) Carrot



Scanned with OKEN Scanner

(115) 10:15 ને અંગ્રેજીમાં કેવી રીતે લખાય ?

(A) half past ten (B) quarter to ten

(C) quarter past ten (D) quarter to eleven

(116) Find out the wrong 'word-pairs' from the poem - "A mind - activating pay."

(A) city - sweety (B) sour - hour

(C) thin - pin (D) sharp - harp

(117) અયોગ્ય જોડ પસંદ કરો.

(A) Rabbit - Run (B) Frog - hop

(C) Crocodile - Chew (D) Snake - his

(118) मन डोलना - मुहावरे का सही वाक्य प्रयोग चुनिए।

(A) वह सो रहा था, उसका मन डोल गया।

(B) बारिश आई और सड़क का मन डोल गया।

(C) खिलौना देखकर बच्चे का मन डोल गया।

(D) सूरज उगा तो मन डोल गया।

(119) शब्दकोश के क्रम में निम्नलिखित में से कौन सा शब्द सबसे पहले आएगा ?

बिच्छू, नदी, शैतानी, मुसीबत

(A) बिच्छू (B) नदी

(C) शैतानी (D) मुसीबत

(120) निम्नलिखित में से कौन-सा शब्द विशेषण है ?

(A) खाना (B) सुंदर

(C) दौड़ना (D) लड़की

◆◆◆



Scanned with OKEN Scanner